

# શિવરંજની પાસે હત્યા બાદ ૧.૦૪ કરોડની લૂંટ

## અતિ ભરચક વિસ્તારમાં દિનદહાડે ગોળીબાર : સવારે બાઈક પર આવેલા ત્રણ શખ્સોએ આતંક મચાવ્યો : કારમાંથી બે બેગ લઈને ફરાર : ૩૬ લાખ ભરેલી અન્ય બેગ મળી : અમદાવાદ શહેરમાં ઠેર ઠેર નાકાબંધી

અમદાવાદ,તા. ૧૫

અમદાવાદ શહેરના અતિ વ્યસ્ત રહેતા અને પોશ ગણતા શિવરંજની ચાર રસ્તા પાસે આજે સવારે બાઈક પર આવેલા ત્રણ શખ્સોએ અંધાધુંધ ગોળીબાર કરીને એક વ્યક્તિની ઘાતકી હત્યા કરી દીધી હતી. સાથે સાથે ૧.૦૪ કરોડની આસપાસની જંગી રોકડ રકમની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. ગોળીબારમાં અન્ય બે લોકો ઘાયલ થયા હતા.ઘાયલ થયેલા પૈકી એકને મેડિલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ બેંક કર્મચારીએ સમગ્ર ઘટના નિહાળી હોવાનુ જાણવા મળ્યું છે. નજીકમાં આવેલી બેંકમાં નોકરી કરતી આ વ્યક્તિએ લૂટારાઓને પડકાર ફેંકયો હતો પરંતુ તેમને મોઢાના ભાગે પિસ્તોલનો હિસ્સો વાગતા ઈજા થઈ હતી. જ્યારે અહીં જ સાઈકલ સ્ટોર ધરાવનાર કનુભાઈ નામની વ્યક્તિને ગોળી વાગી હતી. કનુભાઈએ શખ્સોને પકડી પાડવાના પ્રયાસો કર્યા હતા. દિન દહાડે બનેલા આ બનાવથી સમગ્ર શહેરમાં ચકચાર મચી ગઈ હતી. પોલીસ છાવણીમાં પણ સોપો પડી ગયો હતો. આ બનાવ સવારે ૧૦ વાગ્યાની આસપાસ બન્યો હતો. ૩૬ લાખ ભરેલી અન્ય બેગ ઘટનાસ્થળે મળી આવી હતી. આટલી જંગી રકમની લૂંટ થવાની ઘટના અંગે જાણ થતા પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. રોકડ રકમની લૂંટ બાદ

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

જિંદગીમાં જે માંગીએ છીએ તે બધું જ નથી મળતું અને જે મળે છે તેમાનું ઘણુંયે માંગેલું પણ નથી હોતું

- જ્ઞાનસૂત્ર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૦૫ | ૧૬ જાન્યુઆરી, ૨૦૧૪, ગુરૂવાર; પોષ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

**રાજ અને ઉધ્ધવ ઠાકરેને હાથ મીલાવવા રાજનાથસિંહની અપીલ**



શિવસેનાના રાજ ઠાકરે તથા મનસેના ઉધ્ધવ ઠાકરેને સમાધાન કરી લેવા ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથસિંહે અપીલ કરી છે. આગામી ચૂંટણીમાં સમાન વિચારધારાવાળા વ્યકિતઓ અને સંગઠનોએ સાથે મળી પડકારો ઝીલવા જોઈએ-રાજ અને ઉધ્ધવ સાથે બેસે તો ભાજપ-શિવસેના જોડાણને ભારે ફાયદો થશે.

**સત્યમેવ જયતે-૨ એક-બે સપ્તાહમાં**

આમિરખાનના ખૂબ જ લોકપ્રિય નિવડેલા ટીવી-શો



'સત્યમેવ જયતે'ની બીજી શ્રેણી આગામી એક-બે સપ્તાહમાં રીલીઝ થઈ રહી છે. પ્રથમ એપીસોડમાં મહિલાઓ સામેના અત્યાચારનો મુદ્દે લેવાયો છે. પ્રારંભિક વકતવ્ય બાદ જયારે મહિલાઓની આપવિતી સાંભળવાનું શરૂ થતાં આમિરખાન રડી પડયો હતો અને ત્રીસ મીનીટ શૂટીંગ અટકાવવું પડયું હતું.

**ભારતમાં ધુમ્રપાન કરતી મહિલાઓની સંખ્યામાં વધારો**

ભારતમાં ધુમ્રપાન કરનારી મહિલાઓના પ્રમાણમાં ભારે વધારો થયો છે. જયારે પુરુષોના



રોજિંદા ધુમ્રપાનમાં ઘટાડો થયો છે એમ એક અભ્યાસમાં જણાવાયું છે.

ભારતીય પુરુષના ધુમ્રપાનની ટકાવારી ૧૯૮૦માં ૩૩.૮ ટકા હતી જે ૨૦૧૨માં ઘટીને ૨૩ ટકા થઈ ગઈ છે. જયારે મહિલાઓમાં વર્ષ ૧૯૮૦માં આ સંખ્યા ૩ ટકા હતી તે વર્ષ ૨૦૧૨માં વધીને ૩.૨ ટકા થઈ છે.

# ગાંધીનગરમાં પતંગનું પર્વ જામ્યું

## પવન સાનુકૂળ રહેતા પતંગ રસિયાઓએ ધૂમ મચાવી : પતંગીયુદ્ધ વચ્ચે આકાશ રંગીન બન્યુ

ગાંધીનગર, તા. ૧૫

પતંગોત્સવના પર્વમાં પવન ફેવરેબલ રહેતા પતંગરસિયાઓ બે દિવસ ગેલમાં રહ્યા હતા. ઉત્તરાયણ બાદ વાસી ઉત્તરાયણના દિવસે પણ આકાશ રંગબેરંગી પતંગોથી ઘવાયેલુ રહ્યું હતું. આકાશી નજારા વચ્ચે અગાશીઓમાં પણ અવનવા ફિલ્મી ગીતોએ ધૂમ મચાવી હતી. ઉત્તરાયણની ઢળતી સાંજે છૂટા મુકાયેલા ગુબારાઓથી આકાશ ઝળહળી ઉઠ્યું હતું. આનંદ-ઉલ્લાસસભર ઉત્તરાયણ પર્વ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું હતું.

ઉત્તરાયણના પર્વ દરમિયાન પવન સાનુકૂળ રહેતા પતંગરસિયાઓને મોજ પડી હતી. જો કે મંગળવારે સવારે થોડીવાર માટે પવન પડી ગયો હતો પરંતુ અચાનક વરૂણદેવની કૃપા વરસતા પતંગરસિયાઓ મુડમાં આવી ગયા હતા. બપોર બાદ સાંજના સમયે પણ પવન ફેરવેબલ રહેતા આકાશમાં પતંગીયુદ્ધ જામ્યું હતું. બીજી તરફ અગાશીમાં પતંગની મજા માણતા રસિયાઓ ફિલ્મી ગીતોની ધૂમ વચ્ચે ઝૂમ્યા હતા. બપોરના ઉંધિયા જલેબીની જયાફત ઉડાડી હતી. આગાશીમાં મુકાયેલા સ્પીકરોમાંથી એક પછી એક ફિલ્મી ગીતોએ પતંગ રસિયાઓમાં ધૂમ મચાવી હતી.

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

# ગાંધીનગરનું ગગન ગુબ્બારાઓથી ઝળહળ્યું



## ફટાકડા ફોડી હર્ષોલ્લાસની ચિચિયારીઓ વચ્ચે મકરસંક્રાંતિ પર્વની ઉજવણી થઈ

ગાંધીનગર, તા. ૧૫

આ ઉત્તરાયણે ખાસ કરીને નવા સેક્ટરોમાં ચાઈનીઝ ગુબ્બારાઓ જે આકાશમાં છોડાયા હતા તેનાથી અદ્‌ભુત નજારો પાટનગરમાં છવાયો હતો. ખુબ જ મનમોહન નજારાએ પાટનગરવાસીઓ અને પતંગરસીયાઓને સંગીતના તાલે ઝુમાવ્યા હતા. ઉત્તરાયણની સાથે સાથે ગાંધીનગરાઓએ ઊંધીયુ, જલેબી, લિલવાની કચોરી, બોર, શેરડી, ચિક્કીની જયાફત પણ ધાબા ઉપર જ માણી હતી. શહેર અને જિલ્લામાં અંદાજીત ૧,૫૦,૦૦૦ કિલો ઊંધીયાનું વેચાણ થવા પામ્યું છે.

એ કાઈપો છે... લપેટ...લપેટ... મોજ-મસ્તી-ધમાલ સાથે શહેરમાં મકરસંક્રાંતિનું પર્વ સંપન્ન થયું. શહેરમાં ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ એમ બે દિવસ આકાશ રંગબેરંગી અને અવનવા વેરાયટીઝ પતંગો સાથે આકાશ જાણે કે સોળે કળાએ ખીલી ઉઠ્યું હતું. ત્યારે રાત્રે પણ ગુબ્બારા (ચાઈનીઝ બલૂન)થી આબેહૂબ નજારો જોવાલાયક હતો.

શહેરમાં મકરસંક્રાંતિનું પર્વ ખુબજ ધામધૂમપૂર્વક ઉજવાયું. સતત બે દિવસ રાજ્યમાં ઉત્તરાયણનો તહેવાર મનાવવામાં આવે છે ત્યારે ગાંધીનગરમાં બે દિવસ આકાશ રંગબેરંગી પતંગોથી છવાયેલું રહ્યું. પવનને કારણે પતંગરસિયાઓ મુડમાં લાગતા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ૪૦થી વધુ દોરી વાગવાના બનાવો

## કાયપો છે...ની બૂમો વચ્ચે જિલ્લામાં ૧૦૮ની સાયરન ગુંજતી રહી...! : ધાબા પરથી પતંગ ચગાવતી વખતે પડવાના ૬ બનાવો : ૩૦ નાના મોટા માર્ગ અકસ્માતો સર્જાયા : ૪ સ્થળોએ મારામારી

ગાંધીનગર, તા.૧૫

ઉત્તરાયણ પર્વમાં દિવસભર ધાબાઓ પર વાગતા ડી.જે. અને પતંગો કાપીને લપેટની બુમાબુમ વચ્ચે જિલ્લામાં સતત ૧૦૮ એમ્બ્યુલન્સની સાયરન ગુંજતી રહી હતી. વાહનચાલકોને દોરી વાગીને ઘાયલ થવાના કિસ્સાઓની સાથોસાથ ધાબા પર પતંગ ચગાવતી વખતે પડવાના, માર્ગ અકસ્માતમાં કે પતંગ લુંટતા થયેલી બોલાચાલી બાદ મારામારીના કિસ્સાઓ ઘણી જગ્યાએ બનેલા જોવા મળ્યા હતા. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ઘાયલોથી ઉભરાઈ હતી જો કે સદભાગ્યે ગાંધીનગરમાં ઉત્તરાયણમાં પતંગ-દોરીને કારણે મૃત્યુ થવાની ઘટના સદભાગ્યે એક પણ બની ન હતી.

ગાંધીનગર જિલ્લામાં ઉત્તરાયણના દિવસે ૧૦૮

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તરાયણને પર્વે પચાસ જેટલા પક્ષીઓ પણ ઈજાગ્રસ્ત બન્યા

ગાંધીનગર શહેર અને જિલ્લામાં ઉત્તરાયણ દિવસે ૫૦ થી વધુ પક્ષીઓ પતંગના દોરાથી ઈજાઓ પામ્યા હતા. જો કે આમાં કોઈને ગંભીર ઈજાઓ ન હોવાથી સારવાર આપી પક્ષીપ્રેમીઓએ તેમને પુનઃ ઉડાડી મુક્યા હતા.

મળતી વિગતો પ્રમાણે ૧૧ જેટલા પક્ષીઓ ૧૩મી જાન્યુઆરીના રોજ ઈજાગ્રસ્ત બન્યા હતા તો ૧૧ જેટલા પંખીઓ ઉત્તરાયણના દિવસે ઈજાગ્રસ્ત બન્યા. પક્ષીઓ માટે ખાસ બર્ડ રેસ્ક્યુ ટીમો પણ બનાવવામાં આવી હતી તેમજ આ માટે ફાયરબ્રિગેડ, ગીરફાઉન્ડેશન ખાતે ખાસ કંટ્રોલરૂમ અને સર્વિસપોઈંટ ઉભા કરાયા હતા. ગાંધીનગર જિલ્લાના નારદીપુર ખાતે કૂતરા કબુતરા ટ્રસ્ટ દ્વારા દોરીના ગુંચળા ભેગા કરી અને તેને ઉકેલનાર બાળકને ખજૂર ખવડાવવામાં આવી હતી. આ ટ્રસ્ટે ઝાડ પર પણ પતંગ અને દોરી ભરાઈ ના રહે તેની ખાસ કાળજી લીધી હતી.







